**પોલીસે મોડી રાત્રે તેની અટકાયત કરી : સર્જન એવા તબીબને ઝોકું આવી જતાં ઘટના બની**

# પાલ ઉમરા બ્રિજ છેડે ડોક્ટરે 8ને ઉડાવ્યા

**કેટરિંગના** ટેમ્પો અને ત્રણ ટુવ્હીલરને એક પછી એક હ્યુન્ડાઇ કારે અડફેટે લીધા

**તમામને** ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા, ત્રણની હાલત ગંભીર

ગુજરાતમિત્ર લેઇટ નાઇટ કવરેજ 1:30





(તસવીરઃ હેમંત ડેરે)

સુરત : પાલ ઉમરાબ્રિજ ઉપર ફરી એક વખત કાર ચાલકનો આતંક જોવા મળ્યો હતો. જેમાં ડબલ્યુ આર વી હોન્ડા કારના ચાલકે એક પછી એક વાહનને અડફેટે લીધા હતા. જેમાં 8 જેટલા લોકો ઘાયલ થઇ ગયા હતાં જેમાંથી ત્રણની હાલત ગંભીર હોવાનું જાણવા મળે છે. તમામ ઘાયલોને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. જો કે આ ઘટનામાં કોઈનું મોત નહીં થયું હોવાનું મોડી રાત્રે 1 વાગ્યે પોલીસે ગુજરાતમિત્રને જણાવ્યું હતું.

મોડી રાત્રે સમગ્ર શહેર ટી ટ્વેન્ટી વર્લ્ડકપની જીતની ઉજવણીમાં વ્યસ્ત હતું ત્યારે પાલ ઉમરાબ્રિજ ઉપર એક ગંભીર ઘટનાએ આકાર લીધો હતો. અહીં એક કાર ચાલક પાલ આરટીઓ તરફથી બેફામ કાર લઈને પુલ ઉપર આવ્યો હતો અને એક ટેમ્પો, એક સ્કૂટી અને બે બાઈકને અડફેટે લઈ લીધી હતી.

આ બનાવની મળતી માહિતી મુજબ રાત્રે 12 વાગ્યાની આસપાસ ડબલ્યુ આર વી હોન્ડાકાર નંબર જીજે 19 એએમ 6976નો ચાલક મહિલા સાથે આરટીઓ તરફથી બેફામ કાર ચલાવીને પાલ ઉમરા બ્રિજ ઉપર આવ્યા હતા. તેણે સૌથી પહેલા એક કેટરિંગના સામાનના ટેમ્પાને અડફેટે લીધો હતો. એ ટેમ્પોમાં બે મહિલા પારુલ અને હંસા હતાં જે બંને ઘાયલ થઈ ગયા હતા આ ઉપરાંત ટેમ્પો ચાલક હિંમતભાઈને પણ ગંભીર ઈજા પહોંચતા ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ અકસ્માત માત્ર એક ટેમ્પો પૂરતો સિમિત રહ્યો ન હતો. કારના ચાલકે ટેમ્પોનંબર જી જે 5 બી ડબ્લ્યુ 754ના ચાલક હિંમતભાઈને પણ અડફેટે લીધા હતા. આ ઉપરાંત કારના ચાલકે એક સીબીઝેડ બાઈક નંબર જીજે 05ને પણ અડફેટે લીધી હતી. આ ઉપરાંત સ્કૂટી નંબર જીજે 5 એચઈ 5486 તેમજ બાઈક નંબર આરજે 30 એસવાય 4499 પણ તેની અડફેટે આવી ગઈ હતી. આ ઘટનાથી સમગ્ર બ્રિજ ઉપર ભયનો માહોલ છવાયો હતો. ઘાયલ તમામને ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પોલીસના જણાવ્યા અનુસાર ચાલક મહિલા સાથે હતો અને તે ડોકટર છે. હાલમાં પોલીસ સારવારને પ્રાથમિકતા આપી રહી હોવાથી ચાલક કોણ છે અને ક્યાં રહે છે તેની પૂછપરછ કરવાની બાકી છે.

**ચેરમેન એમ. નાગરાજનની પહેલ**

## રોડ વેરિએશન મુદ્દે દરખાસ્ત ફરી સરકારમાં મોકલાશે

**સરકાર** મંજૂર કરે તો વર્ષથી અટકી પડેલા અનેક વિકાસ પ્રોજેક્ટમાં ગતિ આવશે

સુરતઃ સુડાના વિકાસ નકશા-૨૦૩૫ હેઠળ કેટલાક સૂચિત રસ્તાઓમાં ફેરફાર કરવા માટે સુડા બોર્ડ દ્વારા કલમ-૧૯ હેઠળ વેરીએશનની દરખાસ્ત સરકાર સમક્ષ રજૂ કરવામાં આવી હતી. પરંતુ મે-૨૦૨૩માં રાજ્ય સરકારે આ દરખાસ્ત પરત મોકલી દીધી હતી. ત્યારબાદ જાન્યુઆરી-૨૦૨૫માં સુડા બોર્ડે ફક્ત ૬૦ મીટરથી વધુ પહોળાઈ ધરાવતા રસ્તાઓ માટેની દરખાસ્ત ફરી સરકારમાં મોકલવાનો નિર્ણય કર્યો હતો. આ નિર્ણયને પગલે થોડા મોટા ડેવલપર અને જમીનધારકોને લાભ થયો હતો, કારણ કે શહેરમાં ૬૦ મીટરથી વધુ પહોળાઈ ધરાવતા રસ્તાઓની સંખ્યા ખૂબ ઓછી છે. જ્યારે ૧૮, ૨૪, ૩૬ અને ૪૫ મીટર પહોળાઈના રસ્તાઓ શહેર અને આસપાસના વિસ્તારોમાં મોટી સંખ્યામાં છે. વેરીએશનની દરખાસ્ત પેન્ડિંગ રહેતા આવા સૂચિત રોડ પર પ્લોટ વેલીડેશન, વિકાસ પરવાનગી જેવી કામગીરી અટકી જતાં ઘણા વિસ્તારોમાં વિકાસ કામો ઠપ્પ થઈ ગયા હતા. સુડાના નવા ચેરમેન તરીકે એમ. નાગરાજન પાસે બિલ્ડરો, નાના પ્લોટધારકો અને જમીનધારકો તરફથી રજૂઆતો કરવામાં આવી હતી. તેના આધારે વિસ્તૃત ચકાસણી કર્યા બાદ તેમણે શહેરના વ્યાપક હિતને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા પરત મોકલાયેલી ૧૮થી ૪૫ મીટર પહોળાઈના રસ્તાઓની વેરીએશનની દરખાસ્ત ફરીથી સરકાર સમક્ષ મોકલવાનો નિર્ણય કર્યો છે.

## વ્યસન મુક્તિ માટે આવેલા યુવાનને જીવનમાંથી મુક્તિ આપી દીધી

**ડુમસના** રિહેબ સેન્ટરમાં પલંગ સાથે બાંધી માર મારતા મોત

**પોલીસ** ઇન્સ્પેક્ટરના ભાઈ ધવલ રાઠોડને ડુમસના રિવા વ્યસન મુક્તિ કેન્દ્રમાં રખાયો હતો

સુરતઃડુમસ રોડ પર સુલતાનાબાદ વિસ્તારમાં આવેલા એક વ્યસન મુક્તિ કેન્દ્રમાં માનવતાને શરમાવે તેવી ઘટના સામે આવી છે. સારવાર માટે દાખલ કરાયેલા 32 વર્ષીય યુવકને પલંગ પર બાંધી લાકડી વડે નિર્દયતાપૂર્વક માર મારતા તેનું મોત નિપજ્યું હતું. ઘટનામાં સંસ્થાના કાઉન્સિલર અને ડ્રાઈવર સહિત ચાર આરોપીઓને પોલીસે ઝડપી પાડ્યા છે.

ડુમસના સુલતાનાબાદ વિસ્તારમાં આવેલ 'રિવા વ્યસન મુક્તિ અને રિહેબ સેન્ટર'માં એક યુવકની કરપીણ હત્યાની ઘટના પ્રકાશમાં આવતા ભારે ચકચાર મચી ગઈ છે. મૃતક ધવલ જયંતીભાઈ રાઠોડ (ઉ.વ. 32)ને વ્યસન છોડાવવા માટે 28 ફેબ્રુઆરીએ સારવાર માટે રિહેબ સેન્ટરમાં દાખલ કરવામાં આવ્યા હતા.

1 માર્ચની રાત્રે આશરે 9 વાગ્યાના સમયે સંસ્થાના કાઉન્સિલર જિગ્નેશ દેસાઈ તેને દવા આપવા માટે ગયા હતા જે લેવાનો તેણે ઇનકાર કરતાં કાઉન્સિલરે તેને તમાચો મારી દીધો હતો. ત્યારબાદ બંને વચ્ચે ઝપાઝપી થઈ હતી. ધવલે બૂમાબૂમ કરતાં અન્ય સ્ટાફ પણ ઉપર દોડી આવ્યો હતો. કાઉન્સિલર રોહન, શૈલેષ અને ડ્રાઈવર દિલીપે ધવલને પલંગ પર ઊંધો સુવડાવી દીધો હતો અને તેના હાથ-પગ મજબૂતીથી પકડી રાખ્યા હતા અને તેને પલંગ સાથે બાંધી દીધો હતો. આરોપી દિલીપ નીચે જઈ લાકડી લઈ આવ્યો હતો. તેના માથા, કમર અને શરીરના અન્ય ભાગો પર એક પછી એક ફટકા મારતા ધવલ ગંભીર રીતે ઘાયલ થયો હતો. ધવલ વારંવાર માફી માગતો રહ્યો હતો અને ગોળીઓ લઈ લેવાની વાત કરતો રહ્યો હતો, છતાં આરોપીઓએ માર મારવાનું બંધ કર્યું નહોતું. ઘટનાના થોડા સમય બાદ ધવલ બેભાન થઈ ગયો હતો. ત્યારબાદ તેને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. પોલીસે સંસ્થાના કાઉન્સિલર જિગ્નેશ દેસાઈ, રોહન, શૈલેષ તથા ડ્રાઈવર દિલીપની હત્યાના આરોપસર ધરપકડ કરી છે.

### ધરપકડ કરાયેલા આરોપીઓ

(૧) જીગ્નેશભાઇ ભાસ્કરભાઇ દેસાઇ રહે. હાલ-રીવા વ્યસન મુક્તિ અને રિહેબ સેન્ટર, સુલતાનાબાદ, ડુમસ, સુરત શહેર મૂળ રહે-મુ.પો.હનુમાન બાગળા, પોસ્ટ ઓફિસની બાજુમાં, દેસાઇવાડ, તા.જિ.વલસાડ) (૨) રોહન સુધીર સંઘાણી, રહે,હાલ.રીવા વ્યસન મુક્તિ અને રિહેબ સેન્ટર, સુલતાનાબાદ, ડુમસ, સુરત શહેર. મૂળ રહે.ડી/૬૦૧, મોનાર્ક રેસિડેન્સી ૧, રાયજીબાગ, જુનાગઢ) (૩) શૈલેષ અશોકભાઇ વાઘેલા રહે,વિહાર સોસાયટી-૧, વિશ્વેશ્વર મહાદેવમંદિરની ગલીમાં, વેડરોડ, સિંગણપોર) (૪) દિલીપ રાજેન્દ્ર જોશી રહે હાલ-રીવા વ્યસન મુક્તિ અને રિહેબ સેન્ટર, સુલતાનાબાદ, ડુમસ, સુરત શહેર. મૂળ વતન. બાબા રામદેવ કોલોની, ચાંદપોળ, થાના. સુરસાગર, જી.જોધપુર, રાજસ્થાન)

### સંચાલિકા નેહા સોલંકીની પણ ધરપકડ

સુરત : રીહેબ સેન્ટરમાં બનેલી ઘટનામાં જ્યારે યુવકને માર મરાયો હતો ત્યારે ત્યાં સંચાલિકા નેહા વિનયભાઈ સોલંકી પણ ત્યાં પહોંચી હતી.જે બાદ યુવક બેભાન થતા તેણે પાણી છાંટો બીપી ચેક કરો તેવા બહાના કાઢી સમય પસાર કર્યો હતો. નેહાને યુવક માર્યા હોવાની ગંધ આવી ગઈ હતી પણ મામલો રફે કરવાના પ્રયોત્ન ચાલુ રાખ્યા હતા. યુવકને સારવાર નહીં મળતા તેનું મોત નીપજ્યું હતું. જેથી પોલીસે આજે સાંજે રીહેબ સેન્ટરની સંચાલકની પણ અટક કરી છે. હાલ સેન્ટરમાં ૩૦ જેટલા લોકો સારવાર લઇ રહ્યા છે.આ સેન્ટર પરિવર્તન ટ્રસ્ટના નેજા હેઠળ ચાલે છે. આગામી દિવસોમાં સેન્ટર ચાલુ રાખવું કે કેમ તે બાબતે પણ સારવાર હેઠળના પરિવાર સાથે મીટિંગ યોજી નિર્ણય લેવાશે અને તેની પરવાનગીઓ મામલે પણ પોલીસ ઊંડાણ પૂર્વક તપાસ કરશે.

## અમેઝિયા પાર્કના બાકી 54.94 CR, 12 CR વસૂલવા દરખાસ્ત

**લેણા** બાબતે શાસકો સમક્ષ વિભાગે ત્રણ વિકલ્પો મૂક્યા, તંત્ર મુજબ ઓગષ્ટ 2025થી 54.94 કરોડ વસુલવાના થાય છે

સુરતઃ પુણામાં બીઓટી ધોરણે હાઈટેક એમ્યુઝમેન્ટ અને એન્ટરટેઈનમેન્ટ પાર્ક વિકસાવવા માટે 45 વર્ષનો ઈજારો લેનાર એજન્સીઓ સામે કરોડોની બાકી વસુલાતના મામલે હવે સુરત મહાનગરપાલિકા સમાધાનના મૂડમાં હોવાનું જણાઈ રહ્યું છે. મનપા દ્વારા તૈયાર કરાયેલી દરખાસ્ત મુજબ મૂળ બાકી રકમ 54.94 કરોડ હોવા છતાં વિવિધ રાહતો આપી અંતે માત્ર 12.06 કરોડ વસૂલવાની દિશામાં નિર્ણય લેવાઈ શકે તેવી દરખાસ્ત સ્થાયી સમિતી સમક્ષ રજૂ કરવામાં આવી છે.

આ એમ્યુઝમેન્ટ પાર્ક વિકસાવવા માટે રાજગ્રીન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લિ. (સુરત) અને કેશવ હોલિડે રિસોર્ટ પ્રા. લિ. (મહેસાણા) સાથે મનપાએ એમઓયુ કર્યો હતો. કરાર મુજબ ડેવલપમેન્ટ પિરિયડ પૂર્ણ થયા બાદ દર વર્ષે 4.61 કરોડ પ્રીમિયમ તથા દર ત્રણ વર્ષે 15 ટકા વધારો ચૂકવવાનો હતો. જોકે ડેવલપરોએ નિર્ધારિત ચુકવણી કરવામાં નિષ્ફળતા દર્શાવી હતી. પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેલ દ્વારા એપ્રિલ 2024 સુધીની સ્થિતિએ 37.90કરોડની રિકવરી કાઢવામાં આવી હતી, જ્યારે 31 ઓગસ્ટ 2025 સુધીમાં એન્યુઅલ ફી, જમીન ભાડું, વ્યાજ પેનલ્ટી અને બેંક ગેરંટી પેનલ્ટી સહિત કુલ બાકી રકમ 54.94 કરોડ ગણવામાં આવી હતી.

બીજી તરફ ડેવલપરોએ પ્રોજેક્ટ તબક્કાવાર વિકસાવ્યાનો દાવો કરી પ્રો-રેટા મુજબ ફી વસુલ કરવાની રજૂઆત કરી હતી, જેના આધારે બાકી રકમ 22.84 કરોડ થાય છે. પરંતુ વિભાગે મીડિયેટરના અભિપ્રાય આધારે કોવિડ દરમિયાનના 710 દિવસ, રાજકોટ ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ બાદ બંધ રહેલા 388 દિવસ અને બેંક ગેરંટી પેનલ્ટીમાં રાહત આપવાની ગણતરી કરતા માત્ર 12.06 કરોડ વસુલવા પાત્ર હોવાનું સૂચવ્યું છે. વિભાગ દ્વારા ત્રણ વિકલ્પો સાથેની દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ મુકાઈ છે.

### પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર સેલ દ્વારા શાસકો પાસે આ માર્ગદર્શન મંગાયું

» એન્યુઅલ ફીની નક્કી કરેલી રકમ સંપૂર્ણ પ્રકલ્પ પેટે વસૂલવી કે ડેવલપ થયેલ પ્રોજેક્ટ મુજબ પ્રો-રેટા મુજબ વસૂલવી? » કોરોનાના સમયગાળાની રાહત આપવી કે કેમ? » રાજકોટ ટીઆરપી ઝોનમાં આગ લાગવાને કારણે કલબ હાઉસના બંધ રહેલ ગેમ ઝોનમાં રાહત આપવી કે કેમ? » આજદીન સુધીની બાકી વસૂલાતો પર પેનલ્ટીની બાબત » બેંક ગેરેન્ટી વેલીડીટી પૂર્ણ થયેથી તેની પેનલ્ટી વસૂલવી કે કેમ? » પ્રો-રેટા મુજબ બેંક ગેરેન્ટી લેવી કે કેમ? » સબલીઝ માટે બાકી રકમની વસૂલાત વિના એનઓસી આપવી કે કેમ? » બંને પક્ષકારોને સત્તા બહારના કારણોસર પ્રોજેક્ટ બંધ રહે તેવા સંજાગોમાં યોગ્ય નિતિ ઘડવા બાબતે » બાકી રહેતા મિલકતવેરા બાબતે શું સ્ટેન્ડ લેવું? » કોમર્શિયલ ઓપરેશન ડેટ (સીઓડી) પૂર્ણ કરવા વધારાનો દોઢથી બે વર્ષનો સમયગાળો આપવો કે કેમ? » લીઝની મુદતમાં વધારી આપવો કે કેમ? » બાકી ભરવાપાત્ર રકમની વસૂલાત માટે હપ્તાની સુવિધા આપવી કે કેમ?

## પવિત્ર રમઝાન મહિનામાં જ ફોઈના દીકરાની હત્યા

**રાંદેરના** રાજુનગરમાં માતા માટે અપશબ્દ બોલતા મામલો બીચક્યો હતો

**મામાનો** દીકરો બેગ પેક કરી માલેગાંવ ભાગી જાય તે પહેલાં જ પોલીસે ઝડપી લીધો

સુરતઃ રાંદેર વિસ્તારમાં રમઝાનના પવિત્ર માસ દરમિયાન પરિવાર સાથે બેસીને જમતા જમતા જ એક કરુણ ઘટના બની હતી. માતાને અપશબ્દો બોલવાના મુદ્દે ઉશ્કેરાયેલા પિતરાઈ ભાઈએ 20 વર્ષીય યુવક પર ચપ્પુથી હુમલો કરી તેની હત્યા કરી નાંખી હતી. પોલીસે આરોપીને ઝડપી લીધો છે. આ ઘટનાની મળતી માહિતી અનુસાર મૂળ મહારાષ્ટ્રના માલેગાંવવો વતની સુલતાન અહેમદ શેખ (ઉ.વ. 20) રમઝાનના પવિત્ર માસ દરમિયાન માતા અને બહેન સાથે સુરતમાં રાંદેરમાં રાજુનગરમાં રહેતા મામાના ઘરે આવ્યો હતો. બનાવની રાત્રે પરિવારના સભ્યો ઘરમાં એકસાથે બેસીને ભોજન કરી રહ્યા હતા. ત્યારે મામાના દીકરા અલ્લાહરખા ઉર્ફે આમીર શેખે સુલતાનની માતા માટે અપશબ્દો કહ્યાં હતાં. જેથી સુરતાને તેને ઠપકો આપ્યો હતો. જે બાદ શરુ થયેલી બોલાચાલી ઝપાઝપી સુધી પહોંચી હતી. આ બાબતે ઉશ્કેરાયેલે આમીરે ઘરમાં પડેલું તીક્ષ્ણ ચપ્પુ હાથમાં લઈ સુલતાન પર હુમલો કર્યો હતો. તેણે સુલતાનને ચપ્પુંના બે જીવલેણ ઘા મારતા સુલતાન લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યો હતો. પરિવારજનો તાત્કાલિક તેને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા, પરંતુ ગંભીર ઈજાઓને કારણે ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. ઘટનાની જાણ થતાં જ રાંદેર પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી મૃતકની માતા નઝમાબાનુ ઈફ્તેખાર શેખની ફરિયાદના આધારે હત્યાનો ગુનો દાખલ કર્યો છે.

હત્યાના બનાવ બાદ આરોપી અલ્લાહરખા ઉર્ફે આમીર શેખ થેલામાં કપડા ભરી મહારાષ્ટ્રના માલેગાંવ ભાગી જવાની તૈયારીમાં હતો. જોકે પોલીસે ઝડપી કાર્યવાહી કરીને રાંદેરના રાજુનગર ખાતે રહેતા આરોપીને ઝડપી પાડ્યો હતો.

## ભીષણ આગમાં 95 વર્ષના વૃદ્ધ સહિત સાતને બચાવાયા

**મોટા** વરાછામાં ભક્તિનંદન રેસિડેન્સીમાં પરિવાર ઊંઘમાં હતો ત્યારે આગ લાગી

સુરતઃ સુરતના મોટા વરાછા વિસ્તારમાં આવેલી ભક્તિનંદન રેસિડેન્સીમાં ગત મોડી રાત્રે એક બંગલામાં અચાનક આગ ફાટી નીકળતા ભારે દોડધામ મચી ગઈ હતી. રાત્રે 02:35 કલાકે જ્યારે પરિવારના સભ્યો નિદ્રામાં હતા, ત્યારે બંગલાના પાર્કિંગમાં આગ લાગી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા પાર્કિંગમાં મૂકેલી ફોર વ્હીલર અને ટુ-વ્હીલર મળી કુલ 07 થી 08 વાહનો સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડે ત્યાં પહોંચી બંગલાના પહેલા માળે 95 વર્ષના વૃદ્ધ કેશવભાઈ સોરઠીયા સહિત 3 લોકો અને ગ્રાઉન્ડ ફ્લોર પર પાછળના રૂમમાં 4 લોકો મળી કુલ 7 ને બચાવી લીધા હતા.

## વૃદ્ધના લિફ્ટમાં તરુણી સાથે અડપલાં

સુરતઃ કુંભારીયા ગામ વિસ્તારમાં એપાર્ટમેન્ટમાં રહેતા 60 વર્ષીય વૃદ્ધે 16 વર્ષની તરુણીની લિફ્ટમાં છેડતી કરી હતી. ગત ગુરુવારે સાંજે જ્યારે 16 વર્ષીય તરુણી લિફ્ટમાં જઈ રહી હતી, ત્યારે ત્યાં જ રહેતા આનનભાઈ કિરીટભાઈ ઠાકોર (ઉં.વ. 60) એ લિફ્ટની અંદર તરુણીને પકડી પાડી તેને આલિંગન આપ્યું હતું. પોતાનું પાપ છુપાવવા માટે આરોપીએ અત્યંત ચાલાકીથી એક હાથ લિફ્ટના સીસીટીવી કેમેરા પર રાખી દીધો હતો અને બીજા હાથે તરુણીના ગુપ્ત ભાગોએ સ્પર્શ કરી અડપલાં કર્યા હતા. આ અણધાર્યા હુમલાથી તરુણી ડિપ્રેશનમાં ચાલી ગઈ હતી. બનાવની જાણ પરિવારને થતાં તેઓએ તાત્કાલિક સારોલી પોલીસમથકનો સંપર્ક કર્યો હતો. પરિજની ફરિયાદના આધારે પોલીસે ગંભીર ગુનો દાખલ કર્યો છે. પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરી આરોપી આનનભાઈ ઠાકોરની ધરપકડ કરી લીધી છે.

## ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણી આજે, ઉમેદવારો માટે 'કતલની રાત' સમાન પરિસ્થિતિ

**વકીલોના** ગ્રુપમાં છેલ્લા આઠ વર્ષના બીસીજીના કાર્યકાળ અંગે સવાલો ઉઠ્યા

સુરતઃ ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણી આજે યોજાવાની હોવાથી રાજ્યભરના વકીલ વર્ગમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. ચૂંટણી પૂર્વે ઉમેદવારો માટે ગઈ રાત 'કતલની રાત' સમાન બની ગઈ હતી. છેલ્લા આઠ વર્ષથી બીસીજી માં રહેલા વકીલને લઈને વકીલો વચ્ચે ચર્ચાઓ, ગ્રુપ મેસેજો અને ઉમેદવારોના કાર્ય અંગે પ્રશ્નો ઉઠતા ચૂંટણીનો માહોલ ગરમાયો છે.

ચૂંટણી પૂર્વે વકીલો વચ્ચે સોશિયલ મીડિયા અને વોટ્સએપ ગ્રુપોમાં અનેક મેસેજો ફરતા જોવા મળી રહ્યા છે. તેમાં કેટલાક ઉમેદવારોના કાર્યકાળ અંગે સવાલો પણ ઉઠાવવામાં આવ્યા છે. ખાસ કરીને છેલ્લા આઠ વર્ષથી બાર કાઉન્સિલ ઓફ ગુજરાત (BCG) ના સભ્ય હોવા છતાં આ સમયગાળા દરમિયાન વકીલોના હિતમાં કયા મહત્વના કામ કર્યા તેનો હિસાબ વકીલો માંગતા હોવાની ચર્ચા ચાલી રહી છે. વકીલો વચ્ચે ફરતા એક મેસેજમાં વ્યંગાત્મક રીતે કેટલાક મુદ્દાઓ ઉલ્લેખાયા છે. તેમાં જણાવાયું છે કે કોર્ટ બિલ્ડિંગ મુદ્દે ક્યારેય બાર કાઉન્સિલમાં રજૂઆત કરવામાં આવી નથી, કોઈ વકીલને પાંચ લાખ રૂપિયાનું વેલફેર ફંડ અપાવ્યું નથી, પોલીસ સ્ટેશનમાં વકીલો સાથે અણબનાવ બન્યાના પ્રસંગે મદદ માટે જવામાં આવ્યું નથી તેમજ એડવોકેટ પ્રોટેક્શન એક્ટ અંગે પણ કોઈ રજૂઆત કરવામાં આવી નથી. મેસેજમાં અંતે વ્યંગાત્મક રીતે લખાયું છે કે "હું ફક્ત સુરતથી અમદાવાદ દસ્તાવેજો લઈ જવાનું કામ કરું છું, હવે બોલો હું કોણ?" મોટાભાગે સૂચના મુજબ પપેટ જેવી કામગીરી કરી અને પાર્સલ સેવા પુરી પાડી જેવી ચર્ચા વકીલોમાં છે. ચૂંટણી પૂર્વે આ પ્રકારની ચર્ચાઓ અને દાવાઓ વચ્ચે હવે વકીલો કયા ઉમેદવારને પસંદ કરે છે તે પર સૌની નજર છે. ચૂંટણીના પરિણામો વકીલ સમાજની ભાવના અને ઉમેદવારોના કાર્યપ્રત્યેના વિશ્વાસને પ્રતિબિંબિત કરશે.

### બીજા એક ઉમેદવાર અસ્તિત્વ ટકાવવા કોંગ્રેસના મેન્ડેટ પર ચુંટણી લડશે

અન્ય ઉમેદવારને લઈને પણ વકીલોમાં ચર્ચા ચાલી રહી છે. કેટલાક વકીલોનું માનવું છે કે અગાઉ સેનેટ સભ્યની ચૂંટણી બંધ થતાં પોતાનું અસ્તિત્વ જાળવી રાખવા તેઓ હવે કોર્ટ સંબંધિત ચૂંટણીમાં સક્રિય થયા છે. ચૂંટણીની રાજનીતિમાં સત્તાધારીઓ તરફથી ચોક્કસ ઉમેદવારને રાજકીય હુંફ મળી રહી હોવાની ચર્ચા પણ ચાલી રહી છે. કેટલાક વકીલોએ દાવો કર્યો છે કે કોંગ્રેસ સમર્થનના કારણે જ તેઓ અગાઉ ચૂંટાતા આવ્યા છે. આ વખતે પણ કોંગ્રેસે જ આ વકીલને મેન્ડેટ આપ્યો છે.

## પોલીસ પકડે નહીં તે માટે દાઢી અને મૂંછ વધારી દીધી

**ઉનની** હત્યા કેસમાં લાજપોર જેલમાંથી વચગાળાના જામીન મેળવી બે વર્ષથી ફરાર શોએબ ધુલિયામાંથી ઝડપાયો

સુરતઃ સચિન GIDC વિસ્તારમાં વર્ષ 2020માં થયેલા ચકચારી હત્યા કેસનો ફરાર આરોપી મહારાષ્ટ્રમાંથી ઝડપાઈ ગયો છે. લાજપોર જેલમાંથી વચગાળાના જામીન પર બહાર આવી બાદમાં ફરાર થયેલો આરોપી બે વર્ષથી પોલીસને ચકમો આપતો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર 7 ઓક્ટોબર 2020ના રોજ ઉન સનામીલ નજીક જૂની અદાવતના કારણે સોયેબ અને તેના સાગરીતોએ ફિરોજ ઉર્ફે બબ્બા પર જાહેરમાં ચાકુના અનેક ઘા ઝીંકી નિર્મમ હત્યા કરી હતી. તે સમયે પોલીસે આરોપીને ઝડપી લીધા હતાં. જેમાં આરોપી સોએબ ઉર્ફે સોનુ રીયાજુદ્દીન શેખે એપ્રિલ 2024માં પરિવારને આર્થિક મદદ કરવાના કારણસર તેણે 10 દિવસની વચગાળાની રજા મેળવી હતી. જોકે 29 એપ્રિલે જેલમાં પરત હાજર થવાના બદલે તે ગાયબ થઈ ગયો હતો.

ત્યારથી સુરત પોલીસ તેની શોધખોળમાં લાગી હતી. પોલીસથી બચવા આરોપીએ પોતાની ઓળખ છુપાવવા ખાસ ઉપાય અપનાવ્યો હતો. તેણે લાંબી દાઢી અને મૂછો રાખી પોતાનો હુલિયો સંપૂર્ણ બદલ્યો હતો જેથી જૂના ફોટા સાથે તેની ઓળખ મેળ ન ખાય. જો કે ક્રાઈમબ્રાન્ચે મળેલી બાતમીના આધારે તેને મહારાષ્ટ્રના ધુલિયાના દેવપુરમાંથી ઝડપી લીધો હતો.


## ગુજરાત સ્ટેટ બાર કાઉન્સિલની ચુંટણીમાં અચુક મતદાન કરવા અપીલ

*આજે તા. ૬થી માર્ચ ૨૦૨૬એ યોજાનારી ગુજરાત સ્ટેટ બાર કાઉન્સિલની ચૂંટણીનાં મતદાનમાં **સુરતમાંથી વધુને વધુ ઉમેદવારો** જીતીને જાય એ માટે સુરત શહેર જિલ્લા વકીલમિત્રોને ફર્સ્ટ પ્રેફરન્સ (પસંદગી) નાં નંબર સાથે રેકર્ડ બ્રેક મતદાન કરવા સુરતનાં એડવોકેટશ્રીઓ દ્વારા અપીલ કરવામાં આવે છે. સુરતના તમામ ઉમેદવારો જંગી બહુમતીથી વિજય પ્રાપ્ત કરે એ માટે આપણે સૌ પ્રયત્ન કરીશું.*

